અપીલ અરજી નં.૪૦૯ તા.૨૩–૨–૧૦

અરજદારઃ– શ્રી અરવિંદલાલ લલ્લુભાઈ ધાએલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરવિંદલાલ લલ્લુભાઈ ધાએલની તા.૨૮–૧–૧૦ ની અરજીથી મોજે રાંદેરના સર્વે નં.૨૮૫ વાળી જમીન જેનો ટી.પી. સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ) જેનો ફાયનલ પ્લોટ નં.૧૬૭ છે. તે જમીનમાં ખેડુતના પાવરદારની હેસીયતમાં કે વ્યકિતગત હેસીયતમાં કોઈ તરફે કે વતી અન્ય કોઈપણ વ્યકિત હસ્તે –પરહસ્તે બાંધકામના પ્લાન જેનો નં.ડી.પી.એ.૧૧૫૫ થી તા.૨૪–૧૨–૯૩ ના રોજ મંજુર કરવામાં આવેલ છે જે પ્લાન મંજુર કરવામાં રજુ કરેલા તમામ પુરાવા, પાવર ઓફ એટર્ની ,દસ્તાવેજી પુરાવાઓ તથા હુકમની સર્ટીફાઈડ નકલ મેળવવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૯/૨૦૦૯–૧૦

શ્રી અરવિંદલાલ લલ્લુભાઈ ધાએલની તા.૨૮–૧–૧૦ની અરજીથી મોજે રાંદેરના સર્વે નં.૨૮૫ વાળી જમીન જેનો ટી.પી. સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ) જેનો ફાયનલ પ્લોટ નં. ૧૬૭ છે. તે જમીનમાં ખેડુતના પાવરદારની હેસીયતમાં કે વ્યકિતગત હેસીયતમાં કોઈ તરફે કે વતી અન્ય કોઈપણ વ્યકિત હસ્તે –પરહસ્તે બાંધકામના પ્લાન જેનો નં.ડી.પી.એ.૧૧૫૫ થી તા.૨૪–૧૨–૯૩ ના રોજ મંજુર કરવામાં આવેલ છે જે પ્લાન મંજુર કરવામાં રજુ કરેલા તમામ પુરાવા, પાવર ઓફ એટર્ની ,દસ્તાવેજી પુરાવાઓ તથા હુકમની સર્ટીફાઈડ નકલ મેળવવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે કાયદાની કલમ–૭(૧) તથા નિયમ–૪(૧) થી ઠરાવેલ નિકાલની સમય અવધિ પૂર્ણ થયેલ ન હોઈ અરજદારની અરજી સંદર્ભે નિકાલ માટે અરજદારની રજૂઆતની નકલ સહ નિકાલ અર્થે જાહેર માહિતી અધિકારીને રવાના કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૮ તા.૩–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ તથા આરટીઆઈ સેલ/૧૩૬૮ તા.૨–૩–૧૦ થી અરજદારને તા.૧૬–૧૨–૦૯ ના રોજ કરવામાં આવેલ અપીલ અરજી કયા ખાતા અને વિભાગમાં કરવામાં આવેલ છે તથા તે સ્વીકાર્યાના પહોંચની નકલ તથા અપીલ અરજીની નકલ અને જે અરજી સામે અપીલ કરેલ હોય તેની મુળ નકલ અને અરજી ફી ભર્યાની વિગતો સંદર્ભ કાગળો અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી. તથા અરજદારને પાઠવેલ પત્ર સંદર્ભે અરજદારે કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારે તા.૨૮–૧–૧૦ ના રોજ અરજી નિર્દિષ્ટ ઉપરોકત વિષય બાબતે વેસ્ટઝોન (રાંદેર) ખાતે કરવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૨૩–૨–૧૦ ના રોજ એપેલેટ ઓફિસર અને ડે.કમિશ્નરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે તા.૧૬–૧૨–૦૯ ના રોજ એક અપીલ મોકલાવી હતી જેમાં સદર પ્લોટ અંગેના જે કંઈ પત્રો આવ્યા હતા જે સર્વે મોકલી આપ્યા હતા. વધુમાં રાંદેર રોડના સર્વે નંબર ૨૮૫ ની વિગતો માંગી હોવા છતાં વેસ્ટઝોન તરફથી સર્વે નં.૨૭૩ ની માહિતી આપવામાં આવી હતી તે અપીલનો કોઈ નિકાલ થયો નથી. વેસ્ટઝોન ઓફિસે તા.૨૧–૧–૧૦ ના રોજ પત્ર મોકલ્યો હતો પણ સ્વીકારેલો નથી તથા ત્યાંના ઓફિસરે રહેઠાણે રૂબરૂ આવી ખોટી ઈન્ફર્મેશન અપાઈ ગઈ છે તેથી પત્ર સ્વીકારતા નથી. અને પ્લોટ નં.૨૮૫ ફા.પ્લોટ નં.૧૪ બી ની માહિતી એક બે દિવસમાં મળી જશે તેવું જણાવેલ તેવી રજૂઆત અરજદારે કરેલ છે. પરંતુ અરજદારે તે સંદર્ભે કોઈ પત્રો અરજી કે સંદર્ભ વિગતો પૂરી પાડેલ નથી તેમજ પાઠવેલ તા.૨૩–૨–૧૦ ના પત્રના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૬૮ તા.૨–૩–૧૦ ના સંદર્ભે કોઈ વિગતો અરજદારે રજૂ કરેલ નથી. વધુમાં અત્રેના રેકર્ડ ચકાસણી કરતાં સદર બાબતે અત્રે કોઈ અપીલ થયેલ જણાતી નથી. જયારે અપીલ તબકકે તક આપવા છતાં તા.૨૮–૧–૧૦ ની અરજીની માહિતી અંગે અરજદાર નારાજગીની વિગતો રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી તેમની તા.૧૬–૧૨–૦૯ ની અપીલની વિગતો રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તા.૨૮–૧–૧૦ ની અરજી અંગે પણ અપીલ તબકકે તક આપવા છતાં નારાજગીની વિગતો રજૂ કરેલ નથી. જેથી અપીલ તબકકે હાલ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. કલમ–૧૯(૧) હેઠળની સમય અવધિ અનુસાર નારાજગીની વિગતો સહ પુનઃ અપીલ કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ,..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરવિંદલાલ લલ્લુભાઈ ધાએલ,